


## સલામી સવારની..

*‘આવક’ને કાજે સરકાર ગૌવંશ મરાવે છે,*
*- ને પાછા ગાય જેવા થઈને શિંગડા ભરાવે છે,*
*કરે ડખા એની જ પાંખ, ચાલે ધર્મની દૂકાન -*
*કે ‘ચોરને ચોરીનું’ પ્રજાને ઉજાગરા કરાવે છે*
*(ગૌ રક્ષા - નાટક)*

હાઇકુ

*વૈર વૃત્તિમાં*
*હવે જૂથબંધીના -*
*સિંચાશે જળ... (નવું મંત્રીમંડળ)*

*રાજરમતે -*
*કપાય ગૌ બિચારી!*
*કતલખાને...*

### ચિંતન

આપણા પવિત્ર પુરાણ શાસ્ત્રોમાં જે ઉત્તમ પાત્રો થયાં છે જેણે જીવનમાં સહનશીલતા-ધૈર્ય-ત્યાગ અને બલિદાનના ઉત્કૃષ્ઠ ઉદાહરણ આપ્યાં છે. એવી પતિવ્રતા સ્ત્રીઓનાં નામ દરરોજ સ્મરણ કરવાથી પણ આપણાં પાપ ક્ષીણ થઈ જાય છે.

આપણાં બાળકોને દરરોજ રાત્રે સૂતી વખતે આવા શ્લોક ‘કંઠસ્થ’ કરાવતાં ‘માં’ એ સંસ્કાર આપવા જોઈએ :

**અહલ્યા, દ્રૌપદી, સીતા, તારા, મંદોદરી તથા ।**
**પંચકં નામ સ્મરેન્તિત્યં મહાપાતક નાશનમ્ ॥**

૧ ગૌતમ ઋષિના પત્ની અહલ્યા જે પતિના શાપથી શિલા થઈ ગયાં હતાં રામની ચરણરજથી મુક્ત થયાં તે
૨ પાંચ પાંડવોના પત્ની દ્રૌપદીજી
૩ ભગવાનશ્રી રામચંદ્રજીના પત્ની સીતામાતા
૪ વાલિ નામના વાનરરાજની પત્ની તારામતી
૫ તથા રાવણ પત્ની મંદોદરી
આ પાંચ મહાસતીજી નામનું દરરોજ સ્મરણ કરવાથી મહાપાતકનો નાશ થાય છે.

### સુવિચાર

- સફળતા મારે ચાર બાબત જરુરી છે, વિચાર, કાર્ય, પ્રાર્થના અને શ્રદ્ધા - **વિન્સ્ટન ચર્ચિલ**
- ‘સૂઝ’ આપણી વિશેષ ખાસિયત છે તેનો શ્રેષ્ઠ ઉપયોગ કરવાનો છે - **મોરારિ બાપુ**
- તમે જે કરી શકો, તે શ્રેષ્ઠ કરો બાકીનું બીજા પર છોડી દો - **રજનીશ**
- જીવન એટલે શીખવું, વિકસવું અને વિશાળ થવું - **અખંડ આનંદ**
- સમય એ માનવ જીવનની સૌથી કિંમતી મૂડી છે. સફળ વ્યક્તિ જાણે છે કે પોતાની ઉર્જા ને સમયમાં કેમ રોકવી અને સમયમાંથી જ સફળતા કેમ મેળવવી - **સમયસૂત્ર**
- સાચી સફળતા માટે પોતાને આ ચાર પ્રશ્નો પૂછો... શા માટે?, શા માટે નહીં? હું જ શા માટે? અને અત્યારે જ શા માટે નહીં? - **મુંબઈ સમાચાર**
- આજનું ઔષધ : કાંદાના રસમાં હિંગ અને મીઠું મેળવીને પીવાથી આફરો મટે છે

**(દીપક વી. આસરા)**

### બોધકથા

આજકાલ ઉદ્યોગપતિઓ ચૂંટણીમાં સત્તામાં આવનારા બંને મુખ્યપક્ષો ચૂંટણી માટે ફંડ-ફાળા આપતા હોય છે જેથી કરીને ભવિષ્યમાં જેમની સરકાર આવે તેની પાસે ‘ખોટું’- સાચું કરાવી શકાય. અને હવે તો એનાથી વિશેષ ‘રાજયસભા’માં ઉદ્યોગપતિ ‘પોતાના’ માણસને બેસાડી નીતિ-નિર્ણયોમાં પણ પગપેસરો કરતા હોય છે. આ સત્તા-રાજકારણનું અધઃપતન છે.

ચૂંટણી - પ્રચાર ખર્ચ માટે વલ્લલભાઈ પટેલ પ્રજા પાસેથી ફંડ એકત્ર કરતા હતા; અને લોકો ઉદારતાપૂર્વક આપતા હતા.

૧૯૩૫માં એકવાર જયારે વલ્લભભાઈ જે.આર.ડી. તાતા પાસે ફંડ લેવા ગયા ત્યારે તાતાએ ફંડના બદલામાં એવી માગણી મૂકી કે તમારી ઉમેદવારો નક્કી કરવાની સમિતિમાં મારો પણ એક સભ્ય મૂકવો.’

સરદાર તરત ઊભા થઈ ગયા અને બોલ્યા : ‘તમે તમારી કંપનીના મેનેજમેન્ટમાં કે કમિટીમાં અમારા કોઈ માણસને મૂકશો ખરાં?’

આ સાંભળી તાતાએ સરદારના હાથમાં કોરો ચેક આપી દીધો અને સસ્મિત વિદાય કર્યા.

# જીએસટીનો જશ મેળવવા પડાપડી

ગુજરાતના મુખ્યમંત્રી પદે રહીને જેનો કચકચાવીને વિરોધ કરેલો તે જીએસટી બિલ પસાર કરાવવામાં વડાપ્રધાન નરેન્દ્ર મોદીને સૌનો સાથ સહકાર સાંપડતાં ઘણા લાંબા સમયથી અધ્ધર લટકી રહેલો ખરડો બેઉ ગૃહોમાં સર્વસંમતિથી પસાર થઈ હવે કાયદાનું સ્વરુપ ધારણ કરશે. રાજયસભામાં વિપક્ષની બહુમતિને કારણે આ બિલ અટકી ગયું હતું. પરંતુ અંતે વિપક્ષો દ્વારા સૂચવાયેલા સુધારા સ્વીકારી લેવાતાં ઘીના ઠામમાં ઘી પડી ગયું છે. આ બિલ પસાર કરાવવું તે નાણાંમંત્રી અરુણ જેટલી માટે મોટો પ્રતિષ્ઠાનો પ્રશ્ન હતો. કર સુધારણાના આ પગલા સાથે આખા દેશમાં દરેક જગ્યાએ સમાન કર લાગુ પડશે. સમગ્ર દેશ એક બજાર બની રહેશે. વેપારની પ્રક્રિયા સરળ બનતાં અર્થતંત્રને વેગ મળશે. એક રીતે આ ઐતિહાસિક ઘટના બની રહેશે. અગાઉ જયારે યુપીએ સરકારે આ બિલ રજૂ કરવા પ્રયાસો કરેલો ત્યારે એનો સૌથી ઉગ્ર વિરોધ નરેન્દ્ર મોદીએ જ કરેલો. એમણે જીએસટીને ‘ગુજરાત સબોટાજ બિલ’ કરી ઉતારી પાડ્યું હતું. હવે એ જ મોદીએ એમની લાક્ષણિક શૈલીમાં આ બિલને ‘કૃષ્ણ’ સાથે સરખાવ્યું છે. કૃષ્ણની જેમ એને જન્મ કોઈએ આપ્યો અને ઉછેર બીજાએ કર્યો! પરંતુ મોદી પાસેથી ભાગ્યે જ અપેક્ષા રાખી શકાય એવી ઉદારતા દાખવીને એમણે કહ્યું કે આ કોઈ પક્ષની કે સરકારની જીત નથી બલકે ભારતની લોકશાહીની જીત છે. મોદીએ એને ‘ટીમ ઈંડિયા’ની જીત લેખાવ્યું છે. એમની શબ્દરમતની વિશિષ્ટ આવડતનો વિનિયોગ કરીને મોદીએ ‘જીએસટી’ને ‘ગ્રેટ સ્ટેપ બાય ઈંડિયા’, ‘ગ્રેટ સ્ટેપ ટોવર્ડ્ઝ ટ્રાન્સપરંસી’, ‘ગ્રેટ સ્ટેપ ટોવર્ડ્ઝ ટ્રાન્સફોર્મેશન’ જેવાં રૂપકડાં બિરુદોથી બિરદાવ્યું છે. મોદીએ હવે ‘કર આતંક’થી ગ્રાહકને મુક્તિ મળશે એવી આશા સેવી છે. વળી અલગ અલગ કર વ્યવસ્થાને કારણે વેપારીઓ કાચાં અને પાકાં - એમ બબ્બે બિલ બનાવતા હતા, તે અટકશે. આથી ભ્રષ્ટાચાર અટકશે અને કાણાં નાણાં પર અકુંશ આવશે.

**તંત્રીસ્થાનેથી...**

મોદીએ જાતે જે બિલ વર્ષો પૂર્વે મંજૂર થઈ ગયું હોય તેને રાજયને ભારે નુકશાન કરનારું બિલ ગણાવી સહકાર નહોતો આપ્યો. એમની જ સરકાર હવે આ બિલ પસાર કરવાની ક્રેડિટ લઈ રહી છે. ગરીબો માટે જીવનજરૂરિયાતની ચીજવસ્તુઓ અને જીવનરક્ષક દવાઓને જીએસટી લાગુ પડે નહીં. પણ ૧૮ ટકા ટેક્સની મર્યાદામાં કેન્દ્ર સરકારની તિજોરી સામે રાજય સરકારોને મળતો ભાગ સંતોષકારક રહેશે ખરો? તામિલનાડુની શાસક પાર્ટીના સાંસદો જીએસટી પર વોટિંગ પૂર્વે સભાત્યાગ કર્યો તે શું સૂચવે છે? વળી મલ્લિકાર્જુન ખડગે સહિત કોંગ્રેસીઓને ડર છે કે સરકાર વિપક્ષોનાં કાંડા કાપી લીધા પછી આ બિલને મની બિલ તરીકે ન વટાવે. ભાજપના વિરોધને કારણે બે ૬૫ ટકા ગરીબોના હિતોનું ધ્યાન રખાય તે જરુરી છે. જો કે હવે તો દડો સરકારની કોર્ટમાં છે, એટલે એને કયે સ્વરુપે આગળ વધારવું તે પણ મોદી અને જેટલી જ નક્કી કરશે!

# એક સાચો ગુરૂ પોતાના સાચા શિષ્ય પ્રત્યે છલકપટ કઈ રીતે કરી શકે

આજ ગુરુદેવનું મન ઉદાસ છે. કેમ કે તેમના આશ્રમમાં શિષ્ય થવાની અપેક્ષાએ આવેલ એક ભીલ બાળકને તેમણે નિરાશ કરી પાછો મોકલ્યો હતો. એકલવ્ય કહેતો હતો કે ‘ગુરુદેવ હું બાળપણથી આપને ગુરુ બનાવવા માટે શોધતો હતો. હવે આપ મને શિષ્ય તરીકે સ્વીકારશે.’ ગુરુદેવ પળભર ચિંતામાં પડી ગયાં. અહીં પુરુવંશના આશ્રમમાં અન્ય ને કઈ રીતે ભણાવી શકાય ? અને વળી સૌ કૌરવ તથા પાંચ પાંડવને ભણાવવાની સાથે સમય ફાળવવો મુશ્કેલ છે. પણ એકલવ્યની વિનંતીમાં દીનતા અને વિનયનો ભાવ હતો. ભીલ હોવું એ તેની વિવશતા હતી. ગુરુદેવ રાજયાશ્રયે બંધાયેલા હતા. તેન ગુરુને મનમાં ખેદ હતો.

સમય વિતતો ગયો. પાંડવો અને કૌરવોના અભ્યાસનો એક ભાગ પુરો થઈ ગયો. આજે વનમાં જઈને પરીક્ષા લેવાનો દિવય હતો. ગુરુજી એ પહેલાં જ સંકેત આપી દીધેલો કે બધામાં અર્જુન સર્વશ્રેષ્ઠ છે. તેથી તેમને પ્રિય છે. છતાં જે એક ઔપચારિકતા હોય તે પુરી કરવી પડે છે. પાંડવો અને કૌરવોથી ઘેરાયેલા ગુરુદેવ વનમાં વિચરણ કરતા આગળ વધી રહ્યા હતા.

અચાનક પાછળથી એક કૂતરાનો જોરથી ભસવાનો અવાજ આવ્યો. ગુરુ અને શિષ્યોનું ઝૂંડ વેરવિખેર થઈ ગયું.

તેવામાં અચાનક સામેથી તીરનો મારો થયો. એક સાથે અનેક તીર એ રીતે કૂતરાના મોંમાં ભરાઈ ગયાં કે કૂતરો હવે ભસી શકે તેમ ન હતો. છતાં કૂતરાને ખાસ ઈજા ન થઈ. આ ચમત્કાર જોઈએ બધા શિષઅયો અને ખુદ ગુરુદેવ પણ આશ્ચર્યમાં પડી ગયા. અને આ અજ્ઞાત ધર્નુધરની કલાને વખાણવા લાગ્યા. ઉત્સુક દષ્ટિએ બધા એ દિશામાં જોતાં હતા જયાંથી તીર આવેલાં. એક પર્ણકુટિરમાં એકવલ્ય પોતાનું ધનુષ્ય લઈ ઊભો હતો. તેને ગુરુદેવના આગમનનો અંદાજ આવી ગયો હતો. દૂરથી શિષ્યોથી ઘેરાયેલા ગુરુદેવના ચરણોની નિકટ તીર છોડી શિષ્ય તરીકે પ્રમાણ કર્યા. નજીક પહોંચી ગુરુદેવે પુછ્યું. ‘તું કયાં ભાગ્યશાળી ગુરુનો શિષ્ય છે?’ ‘ગુરુદેવ એક માત્ર તમારો’ એકલવ્ય તેમને પગે પડ્યો. આપને યાદ હશે. ‘એકવાર આપે મને આશ્રમમાં ધનુષવિદ્યા શિખવવાનો ઈન્કાર કરી દીધેલો. પણ હું તો આપને ગુરુ માની બેઠેલો.’ એમ કહેતાં શિષ્ય તેમને પોતાની ઝૂપડીના પાછળના ભાગે લઈ ગયો. જયાં ગુરુદેવની મારીની મૂર્તિ જોઈ સૌ દંગ રહી ગયા. ‘હું જ આનો ગુરુ છું’ વિચારતાં પોતાના મનમાં એક હોનહાર શિષ્યને ખોવાનું દુઃખ અનુભવાયું. પોતાના અન્ય શિષ્યો પર નજર દોડાવતાં તેમની નજર અર્જુન સામે મળી.

‘ગુરુદેવ આપ તો કહેતા હતા ને હું જ તમારો સર્વશ્રેષ્ઠ શિષ્ય છું. આજે એ વચન ખોટું કઈ રીતે પડ્યું? અર્જુનની દષ્ટિમાં એક સ્પષ્ટ પ્રશ્ન હતો.’ ગુરુદેવ બેચેનીમાં આમતેમ જોવા લાગ્યાં. એકલવ્યને તેની કલાના વધુ નમૂના બતાવવાનો આગ્રહ કર્યો. એકલવ્યએ પોતાની કલાક્ષમતાના એક એક કરીને બધાં કૌશલ્યો રજૂ કર્યા. ગુરુદેવ તેના તીર અને ધનુષના અનુસંધાનની અનોખી શૈલી પર વિશેષ ધ્યાન આપ્યું. ચાર આંગળીઓનો કુશળતાપૂર્વક ઉપયોગ તીરની તીવ્રતામાં વિશેષવૃદ્ધિ કરતો હતો. પરંતુ અંગૂઠાનો સહેજ અમથો સ્પર્શ તીરની ઝડપમાં અવરોધ પેદા કરતો હતો. ગુરુદેવની તિક્ષ્ણ દષ્ટિમાં એ જ ખટક્યું.

આ વખતે અર્જુનની નજર તેમની નજરથી મળી. એ પ્રશ્ન તેની નજરમાં ભારપૂર્વક અનુભવાયો હતો. આ વખતે રાજાશાહીનો ગર્વ પણ તેમાં સમાયેલો હતો. ગુરુજી ચિંતામાં પડી ગયા હતા. તેઓ રાજવચનથી બંધાયેલા હતા. કે તેઓ રાજપુત્રો સિવાય કોઈને ધર્નુવિદ્યા નહીં શિખવે. આ અંતર્દ્વંદ્વ વચ્ચે એકલવ્ય એ તેની રજૂઆત પુરી કરી અને ગુરુદેવને આગ્રહ કર્યો.

‘જો હું આપની દષ્ટિમાં સફળ પુરવાર થયો હોઉં તો ગુરુ દક્ષિણા સ્વીકારો.’ ગુરુદેવની તંદ્રા એકાએક તૂટી. ગુરુદેવ ફરી અર્જુન તરફ જોયું. એ એકીટસે ગુરુદેવનો આગળની પ્રક્રિયાને ધ્યાનથી જોતો હતો. ગુરુદેવ એકલવ્યને કહ્યું, ‘તારો ડાબા હાથનો અંગુઠો મને આપી દે.’ આજથી તારા માટે તીર ચલાવતી વખતે તેનો ઉપયોગ વર્જિત છે.’ બધાં શિષ્યો ગુરુની આ વિચિત્ર દક્ષિણાની વાત સુનમુન થઈ ગયા. અર્જુનને તેના આકરા પ્રશ્નનો દઢતાપૂર્વકનો જવાબ મળી ગયો હતો. છતાં ઈર્ષાને કારણે મનમાં ને મનમાં એ ખુશ હતો.




પણ એકલવ્ય આ નિર્ણયથી બિલકુલ ડગ્યો કે ગભરાયો ન હતો. જરા પણ ખમચાયા વિના એક ધારદાર તીર વડે પોતાનો ડાબો અંગુઠો કાપી લોહીથી લથબથ હાથે ગુરુના ચરણોમાં ધરી દીધો. ગુરુ અને શિષ્યો કેટલીયેવાર સુધી પરસ્પર ધનુષવિદ્યા અને તેનાં ગુઢ રહસ્યોને સમજવા સમજાવવા માટે એકબીજા તરફ જોતાં રહ્યાં.

ગુરુએ શિષ્યની કલા અને પોતાના પ્રત્યેની શ્રદ્ધાનો આદર કરતાં શિષ્યની એકમાત્ર ત્રૃટીને દૂર કરવાનું વિચાર્યું હતું. ધનુષ્યને જો ચાર આંગળીઓ વડે પ્રત્યંચા ખેંચી મારવામાં આવે તો તેની તીવ્રતા અનેક ગણી વધી જાય છે. આ ખાસ વાત ગુરુજી અને પેલો ભીલ બાળક બે જ જાણતા હતા. એકલવ્ય એ વાતે કૃતજ્ઞ હતો કે ગુરુજીએ તેની ધનુષવિદ્યાને પૂર્ણતા આપી. જો અંગૂઠાનો કોઈ ઉપયોગ ન હોય તો તેને કાપીને આપવામાં વાંધો શું?

આજે પણ ઉત્તર ગુજરાતના ગરાસીયા અને ભીલ તીર ચલાવતી વખતે અંગૂઠાનો ઉપયોગ કરતા નથી. તીરંદાજી ત્યાં રોજબરોજના જીવનનું અંગ છે. એકલવ્યની ગુરુદક્ષિણા તે આદિવાસી હોઈને ધનુષવિદ્યા શિખવાની શિક્ષા નહોતી. તેની કુશળતા વધારવા ગુરુનો રહસ્મય ઉપાય હતો. એક સાચો ગુરુ પોતાના સાચા શિષ્ય પ્રત્યે છલકપટ કઈ રીતે કરી શકે.

# પ્રભાવ નહીં, સ્વભાવથી દિલ જીતો તો અભાવ ન રહે

આપણા દેશના મહાન દાર્શનિક જે. કૃષ્ણમૂર્તિએ એક વાર કહ્યું હતું કે “દરેક વ્યક્તિ સામેની વ્યક્તિ ઉપર પ્રભાવ પાડવા માગતી હોય છે. દરેક દેશ તેના પડોશી દેશ ઉપર પોતાનો પ્રભાવ પાડીને પોતાનો પગદંડો જમાવવા પ્રયાસ કરતો હોય છે. દરેક પાડોશી પોતાના પાડોશી કરતા વધુ ઊંચો હોવાનું સાબિત કરવાનું ચૂકતો નથી. માણસ શા માટે કોઈના ઉપર પ્રભાવ પાડવા માગે છે? લોકો એ વાત સમજતા જ નથી કે તમારું સાફ દિલ જ લોકોને આકર્ષવાનું લોહચુંબક છે.”

તમે શા માટે કોઈના ઉપર પ્રભાવ પાડવા માગો છો? તમે સામી વ્યક્તિનું દિલ જીતવા માગો છો? તમે કોઈ વ્યક્તિ ઉપર પ્રભાવ પાડીને સામી વ્યક્તિના દિલ ઉપર રાજ કરવા માગો છો? તો તમારા પદ, પ્રતિષ્ઠા, જ્ઞાન, કૌશલ્ય, ધન-વૈભવ વગેરેથી શા માટે સામી વ્યક્તિ ઉપર પ્રભાવ પાડવા પ્રયાસ કરો છો? કદાચ તમારી આવી બાહ્ય ઢોળ ચઢાવેલી પ્રતિભાના જોરે કોઈ વ્યક્તિ કદાચ આકર્ષાય ખરી, પરંતુ એ તો કૃત્રિમતા છે, કૃત્રિમ ઊપાય છે.

પ્રભાવથી નહીં, સ્વભાવથી સામી વ્યક્તિનું દિલ જીતો તો કોઈ પણ પ્રકારનો અભાવ નહીં રહે. જો પ્રભાવથી કોઈ વ્યક્તિના દિલમાં સ્થાન મળ્યું હોવાનો ખ્યાલ રહે તો એ ખ્યાલ ખોટો યાને વહેમ માત્ર છે. એવી કૃત્રિમતા લાંબો સમય ચાલવાની નથી.

બીજી તરફ સારો સ્વભાવ હંમેશા વ્યક્તિની સાથે જ રહે છે. સ્વભાવ વ્યક્તિનો સાથ છોડતો નથી. આથી જ તમારા સારા સ્વભાવના કારણે જો કોઈ વ્યક્તિના દિલમાં સ્થાન મેળવ્યું હોય તો એ કાયમી યાને ચિરસ્થાયી રહે છે. જો આમ બને તો સંબંધ પણ નિર્બંધ રહે છે અને પછી કોઈ અભાવ રહેતો નથી. “માણસનો સ્વભાવ હંમેશા ઉદાર અને અન્યો પ્રત્યે મદદરુપ હોવો જોઈએ” એવું કહેવું સહેલું છે, પરંતુ એ પ્રમાણે વર્તવું બધા માટે અઘરું હોય છે. તમારો સ્વભાવ જ તમારા વ્યક્તિત્વનો આયનો બને છે.

ઓશોએ મહાન વિચારક અને ક્રાન્તિકારી નેતા લિયો તોલ્સ્તોયના જીવનનો એક પ્રસંગ કહ્યો છે. તોલ્સ્તોયની સ્મરણકથામાં આ પ્રસંગ છે. તેઓ વહેલી સવારે એક સડકના છેડે ચાલી રહ્યા હતા. દેવળમાં સવારની પ્રાર્થનામાં ભાગ લઈને તેઓ ઘર તરફ ચાલીને જઈ રહ્યા હતા. એવામાં તેમની નજર એક ભિખારી ઉપર પડી. સકડના ખુણે બેઠેલો ભિખારી હાથ ફેલાવીને તોલ્સ્તોય પાસે માગી રહ્યો હતો.

સવારનો સમય હતો. સૂરજના પવિત્ર કિરણો ધરતી ઉપર પથરાઈ રહ્યા હતા. મોસમ ખુશનૂમા હતી. મંદ મંદ સમીર વહી રહ્યો હતો. ફૂલોની સુગંધ પવન સાથે ફેલાઈ રહી હતી. તોલ્સ્તોય પ્રસન્ન મૂડમાં હતા. એક તો પ્રભુને પ્રાર્થના કરીને હમણા જ દેવળમાંથી બહાર નીકળ્યા હતા અને બીજું કે વાતાવરણ પણ સરસ હતું. તેમણે પોતાના ઓવરકોટના ડાબા ખિસ્સામાં હાથ નાખ્યો પરંતુ ખિસ્સુ ખાલી હતું. તેમણે કોટના જમણા ખિસ્સામાં હાથ નાખ્યો. એ ખિસ્સુ પણ ખાલી જ હતું. ખરેખર તેમની પાસે ભિખારીને આપવા લાયક કશું જ ન હોવાના કારણે તેઓ થોડાક શરમાયા અને બેચેન થઈ ગયા.

તેમણે ભિખારીને હાથ જોડીને કહ્યું કે “મારી પાસે તમને આપવા જેવું કશું જ નથી. પરંતુ ફરી ક્યારેક હું તમને કશુંક અવશ્ય આપીશ. મને અત્યારે ખુબ દુઃખ થાય છે કેમ કે હું તમને મારી ઈચ્છા હોવા છતા કશું જ આપી શકતો નથી.”

ભિખારીએ વિનમ્રતાથી જવાબ આપ્યો કે “કશો વાંધો નહીં. શેઠ, તમે જરાય નિરાશ ન થાવ અને બેચેન પણ ન થાવ. તમે મને કશુંક આપવા માટે પ્રયાસ કર્યો, ઈચ્છા બતાવી, એટલું શું ઓછું છે? મારા માટે તો તમારો એ પ્રયાસ અને તમારી ઈચ્છા જ ઘણું બધું છે. એમાં જ બધું આવી ગયું. તમે તમારા ખિસ્સા ફંફોસ્યા અને પ્રયત્ન કર્યો. એમ કરીને પણ તમે મને ઘણું બધું આપી દીધું છે.”

તોલ્સ્તોયે નોંધ્યું છે કે “ભિખારી સાથેની આટલી વાતચીતમાં તો મારી આંખો ભીની થઈ ગઈ. મેં એ ભિખારીનો હાથ પકડી લીધો અને ચુમી લીધો. ખરેખર હું ભલે ભિખારીને કંઈ જ આપી શક્યો નહીં. પરંતુ એ સામાન્ય ભિખારીએ મને ઘણું બધું આપી દીધું. ઘણું બધું શીખવી દીધું. મને તો ન્યાલ કરી દીધો.”

ફંડા એ છે કે તમે કોઈને કશું જ ન આપીને પણ ઘણું બધું આપી શકો છો. આપવા માટે તમારી પાસે ભૌતિક ચીજવસ્તુઓનો ખજાનો જ હોવો જોઈએ એવું જરુરી નથી. તમારા હૃદયની ભીતર કોઈકને કશુંક આપવાની ભાવના પેદા થયેલી હોવી જોઈએ, બસ આટલું પુરતું છે. તમારામાં કોઈને મદદરુપ થવાની જીગર જોઈએ. સાધન-સામગ્રી હોવી કે ન હોવી, એ તો પછીની વાત છે.




જો તમારામાં કોઈને મદદરુપ થવાની ભાવના જ ના હોય અથવા કોઈકને કશુંક આપવાની દિલની ઈચ્છા જ ના હોય તો પછી તમે કોઈને કશું આપો કે મદદ કરો તો પણ એનો કોઈ અર્થ રહેતો નથી. મનથી આપ્યું તો આપ્યું કહેવાય. જો મન વિનાનું આપેલું હશે તો એ વ્યર્થ છે. આપતા રહો તો વધશે. તમારો ખજાનો લૂંટાવતા રહો તો એ ખાલી જ નહીં થાય. ખજાનો ભર્યો ભર્યો જ રહેશે.

એક હિન્દી ઉક્તિ છેઃ “પ્યાર બાંટતે ચલો...” વહેંચવાથી તમે અનુભવી શકો છો કે તમને બમણું અને ત્રણગણું પાછું મળે છે. પ્રેમ વહેંચતા રહો, પ્રેમ તમારી ભીતર વધતો જશે. તમે કંઈ પણ વહેંચતા રહો ત્યારે તમારી ભીતર કોઈ અજબ ઊર્જાનો અનુભવ તમે કરી શકો છો. જાણે કે પરમ કૃપાળુ પરમાત્મા તમારી ભીતરનો સાગર છલકાવી રહ્યા છે. તમારી ભીતર નવી ચેતના અને નવી ઊર્જાનો સંચાર તમે અનુભવી શકો છો. પ્રકૃતિનું આ વિજ્ઞાન છે. જે સાધના થકી જ સમજાય છે.

આ અર્થશાસ્ત્ર જિંદગીનું નહીં, આ અર્થશાસ્ત્ર તો પરમાત્માનું શાસ્ત્ર છે. જિંદગીનું અથવા દુનિયાનું અર્થશાસ્ત્ર તો “ગિવ એન્ડ ટેક”ની ફોર્મ્યુલા ઉપર ચાલતું રહે છે. કુદરતનો ક્રમ ઊલટો છે. પ્રકૃતિનો સિદ્ધાંત “આપીને પામો” એ પ્રકારનો છે. સંત કબીરે તો એમ પણ કહ્યું છે કે બે હાથે તમે તમારું જે કંઈ છે તે ઉલેચી નાખો. જેટલું આપશો, એટલું યા એનાથી બમણું મળતું જશે.

તમે જે સાચવી રાખો છો, એના તમે માલિક નથી, ચોકીદાર છો. જે તમે કોઈને આપો છો યા ખર્ચ કરી નાખો છો, એના તમે માલિક યા હક્કદાર હતા, કે જે તમે વાપરી શક્યા, ખર્ચી શક્યા અને કોઈકને આપી શક્યા. માણસ પોતાની પાસે જે હોય તે જ કોઈને આપી શકે. પરંતુ પોતાની પાસે જ ન હોય તો માણસ બીજાને પણ કશું આપી શકતો નથી.

જસ્ટ ટ્વીટઃ-
“આપવાનો આનંદ એટલે જ પ્રેમ.”
- રૂમિ

# તીસરી મંઝીલ...!! જેને શોધવાં આપણે ફાંફે ચઢીએ, એ તો મળતું જ નથી...!!



સરકારી સ્કૂલમાં ભણતા મહેશ અને નરેશ એટલે તોફાની છોકરાઓ. સાતમાં ધોરણમાં ભણે, સાથે જ આવવાનું અને જવાનું. સ્કૂલમાં કંઈક વિચિત્ર હરકત થાય એટલે પેલા વનેચંદની જેમ પહેલાં આમનુંજ નામ આવે.

એક સાંજે શાળા છૂંટવાનો ઘંટ પડ્યો અને મહેશે નરેશને કહ્યું, ‘દોસ્ત, મારી શેતાની ખોપડીમાં એક મસ્ત આઈડિયા આવ્યો છે...’

‘અરે જલદી બોલ, શું આઈડિયા આવ્યો છે.’ નરેશ એકદમ એકસાઈટેડ થઈ ગયો.

‘જો તમે સામે પેલી ત્રણ બકરીઓ ચરે છે એ દેખાય છે?’

‘હા, તો એમાં આપણે શું લેવાદેવા?’

‘આજે આપણે છે ને સ્કૂલમાંથી સૌથી છેલ્લે નીકળીશું, અને જતાં પહેલાં આ ત્રણેય બકરીઓને સ્કૂલના કમ્પાઉન્ડમાં છોડીને ગેટ બંધ કરી દઈશું. જયારે સ્કૂલ ખૂલશે એટલે બધાં આ બકરીઓને શોધવામાં, ભગાડવામાં પોતાનો સમય બર્બાદ કરશે અને આપણે ભણવું નહીં પડે.’

‘અરે યાર, આ બકરી શોધવાનું કામ કંઈ અઘરું થોડું છે. થોડાં જ સમયમાં બકરીઓ મળી જશે અને બધું નોર્મલ થઈ જશે અને બધું નોર્મલ થઈ જશે. અને આપણે બળજબરી ભણવું જ પડશે.’

‘હા... હા... હા... આજ તો મારો આઈડિયા છે. એ આરામથી બકરીનો નહીં શોધી શકે. બસ તું હવે જોતો જા હું શું કલામ કરું છું.’

સાંજે બધાં વિદ્યાર્થીઓ જવા લાગ્યાં. અને આ બંને ભણવાનો ડોળ કરતાં કલાસમાં બેસી રહ્યાં. જયારે બધાં જ વિદ્યાર્થીઓ જતાં રહ્યાં એટલે એમણે એ ત્રણે બકરીઓ એમના કલાસમાં લઈ આવ્યાં.

અંદર આવ્યા બાદ મહેશે ત્રણેય બકરીની પીઠ પર કાળા રંગથી મોટું વર્તુળ બનાવી દીધું.

‘હવે આ કાળા રંગ પર હું નંબર લખું છું’ અને એણે સદેગ રંગથી નંબર લખવાં શરુ કર્યા. પહેલી બકરીની પીઠ પર પર ૧ નંબર, બીજી બકરીની પીઠ પર ૨ નંબર અને ત્રીજી બકરીની પીઠ પર ૪ નંબર...

‘અરે યાર, તેં લોચો માર્યો. ત્રણ નંબરની બકરી પર ૪ નંબર કેમ લખી નાંખ્યો?’ નરેશે આશ્ચર્ય દર્શાવતાં કહ્યું. ‘દોસ્ત, આજ તો મારો આઈડિયા છે. કાલે જોજે બધાં ત્રણ નંબરની બકરીને શોધવા આખો દિવસ કાઢી નાંખશે... અને એ તો કોઈને મળશે નહિં...’

બીજા દિવસે મહેશ-નરેશ બંને સ્કૂલ સમય કરતાં થોડાં વહેલાં જ પહોંચી ગયા. થોડી જ વારમાં સ્કૂલમાં બકરી ઘુસી ગઈ છે ની કાગારોળ મચી ગઈ.

> ધારું તો હું શ્વાસ ઉપર ‘હે રામ’ લખી દઉં,
> પરપોટાનું ચપટીમાં અંજામ લખી દઉં.
> ખોવાયેલી ખૂશ્બુથી મેળાપ કરાવો,
> રાજીપામાં આખેઆખું ગામ લખી દઉં.
> - કિશોર જીકાદરા

કોઈ બોલ્યું ચાર બકરીઓ છે. હા, હા, મને એક નંબરની મળી છે. બીજાએ બુમ પાડી ચાર નંબરની મારી પાસે છે એટલામાં બાજુના કલાસમાંથી ખબર આવ્યાં કે બે નંબરની બકરી મળી ગઈ... બસ, હવે ત્રણ નંબરની બકરી જ શોધવાની બાકી રહી. આખા સ્કૂલમાં દોડાદોડી મચી ગઈ. બધાં એક જ સવાલ કરતાં હતાં કે ત્રણ નંબરની બકરી કયાં ગઈ?

સ્કૂલના વિદ્યાર્થીઓ સાથે હવે સ્ટાફના શિક્ષકો અને પટાવાળા પણ ત્રીજી બકરીની શોધમાં લાગી પડ્યાં... દરેક કલાસ, ખૂણે ખાંચરે ત્રીજી બકરીને શોધતાં હતાં, કામનું બહાનું કરીને એક વિદ્યાર્થી તો આચાર્યની કૅબીનમાં પણ જોઈ આવ્યો. સીઆઈડી સિરીયલ જોતાં વિદ્યાર્થીઓ તો છેક સ્કૂલના ધાબે, ટૉયલેટ અને પાર્કિંગ બધું જ જોઈ આવ્યાં.

ત્રીજી બકરી માટે બધાં જ ખૂબ પ્રયત્ન કરતાં હતા... પણ, ત્રીજી બકરી મળે કયાંથી? કારણ કે એ તો નહોતી જ... આખી સ્કૂલ ત્રીજી બકરીની શોળખોળમાં ટેન્શનમાં હતી ત્યારે મહેશ-નરેશ તો એકદમ ખૂશખૂશાલ હતાં. એમણે આઈડિયાથી એક બકરીને ગાયબ કરી દીધી હતી. પહેલી દષ્ટિએ હસાવતી આ વાર્તામાં છૂપાયેલો સંદેશ કદાચ તરત નજરે ચઢે એવો નથી. ત્રીજી બકરી એટલે ખરેખર તો એ વસ્તુઓ છે, જેને શોધવા મેળવવા આપણે બધાં બેચેન છીએ, જયાં ને ત્યાં શોધતાં ફરીએ છે. એ મેળવવા ભરપૂર મથીએ છીએ. જયારે એ વાસ્તવિકતામાં છે જ નહીં.




આપણને સૌને એવી લાઈફ જોઈએ છે, જે એકદમ પરફેક્ટ હોય, અને જેમાં કોઈ પ્રોબ્લેમ જ ના હોય... પણ એવું વાસ્તવમાં હોતું નથી.

આપણને બધાંને એવી જોબ કે બિઝનેશ જોઈએ છે, જે એકદમ સ્મૂધ ચાલે, એમાં કોઈ વિઘ્નો ન આવે. બૉસ ના ખખડાવે, કોઈ ભૂલના થાય, સૌથી વધુ ઈન્ક્રીમેન્ટ આવે, દર બે વર્ષે પ્રમોશન થાય, કામ એકદમ ઓછું હોય, જોઈએ ત્યારે રજા મળે... પણ વાસ્તવમાં નોકરીમાં આવું શક્ય છે ખરું?

ધંધાની વાત કરો તો તમારી પ્રોડક્ટ યુનિક હોય, ફૅક્ટરીમાં કયારેય સ્ટ્રાઈક ન હોય, પેમેન્ટ સમયસર આવતું હોય, તગડો નફો હોય, કયારેય રિજેક્શન ન હોય, ટેક્સની રેડ ન હોય, કારીગરો વધુ પગાર ન માગતા હોય, કોઈ ફ્રોડ ન કરતું હોય, કોઈ નોકરી છોડીને ના જતું હોય... આખું વાસ્તવિકતામાં શક્ય નથી. ધંધો છે, નફો છે તો જોખમ રહેવાનું.

એવું કયારેય લાગે છે કે આપણે કોઈ વસ્તુ માટે ચિંતિત છીએ? આમ જુઓ તો અત્યારે જે આપણી પાસે છે એ પર્યાપ્ત જ છે. અથવા તો આપણને જે મળ્યું છે એ આપણી લાઈફની પઝલ સોલ્વ કરવા પુરતું જ છે. એવું પણ બની શકે કે જે ત્રીજી બકરી શોધવા આપણે ભટકીએ છીએ, એ હકીકતમાં હોય જ નહીં. અને આપણે પહેલાંથી આ બધું પૂર્ણ કરીને બેઠા હોય!

ધંધામાં બધું જ છે, તો પછી એમાં હવાયીતા મારી કેમ ટેન્શન વ્હોરી લેવી. આ જોબ સરસ જ છે, વધુ મહેનત કરીશું તો ત્યાંથી જ સારું વળતર મળશે. પત્ની કે પતિ જયારે કરીશું તો ત્યાંથી જ સારું વળતર મળશે. પત્ની કે પતિ જયારે બન્યાં ત્યારે તે એકબીજાને પસંદ કર્યા જ હતાં ને? જેવાં છે એવાં એની મર્યાદા સાથે સ્વીકારી, એમનામાં રહેલાં સારાં ગુણોને વખાણી આનંદ મેળવો. જે નથી એ એનામાં શોધવા રહીશું તો એ તીસરી મંઝીલ જેવું બની રહેશે.

આપણો વાન, શિક્ષણ, પરિવાર, ધંધો, નોકરી, આવડત, રૂપિયા... બધું જ આવડત કે કિસ્મત પ્રમાણે મળ્યું છે. જરૂરિયાતની ત્રણ બકરીઓ ઘરમાં ફરે છે, જયારે નથી એ મેળવવા દોડીએ ત્યારે માત્ર આ ત્રીજી બકરી યાદ કરી લેવી, જે નથી મળવાનું એના પાછળ ગાંડા કાઢ્યા કરતાં, હાથમાં રહેલી વસ્તુ કે સંબંધનો આનંદ મેળવો, પછી ત્રીજી બકરી પાછળ ભાગવું નહીં પડે !

ચૂંટલો : ઘણાં લોકો પોતાની જિંદગીથી પરેશાન રહેતાં હોય છે, એમને એ ઓછું લાગતું હોય છે. પણ એમને એ ખબર નથી કે એમના જેવી જિંદગી જીવવાની તો હજારો લોકોની ખ્વાઈશ હોય છે... એ લોકોના એન્ગલથી તો તમારી લાઈફ એકદમ જોરદાર છે... થિંક ઑન ધિસ પોઈન્ટ ઓલ્સો.